C.C.NO.1944/1993. (1)

D 1660

કેસ દાખલ તારીખઃ૦૫/૧૧/૯૩

રજી.થયા તારીખઃ૦૫/૧૧/૯૩

ફેસલ કર્યા તારીખઃ 27/07/2015

સમય ગાળોઃવર્ષ..... માસ..... દિવસ...

અમદાવાદના મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબરઃ૧૯.માં.,મુ.અમદાવાદ

ક્રિ.કે.નંબરઃ૧૯૪૪/૧૯૯૩.

આંક-

ફરીયાદીઃ- શ્રી સરકાર.

વિરૂધ્ધ.

આરોપીઃ- રમણભાઈ ઉર્ફે રમેશ ઓધારભાઈ રબારી

રહેવાસીઃ- જશોદાનગર, નવી વસાહત, જી.આઈ.ડી.સી. વટવા, અમદાવાદ.

---

ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રીમતી એસ.ડી.મહેતા.

આરોપી તરફે વિ.વ.શ્રી ડી.ડી.પટેલ.

---

ગુનોઃ-ઈ.પી.કો.કલમઃ ૨૯૪(ખ), ૩૨૩ મુજબ .

---

# જ જ મે ન્ટ

---

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તારીખઃ૨૪/૧૦/૯૩ ના કલાકઃ ૭–૩૦ વાગે ફરીયાદીના ઘર આગળ ફરીયાદી પાસે પૈસાની ઉઘરાણી કરતા ફરીયાદીએ આપવાની ના પાડતા ફરીયાદીને બિભત્સ અને અશ્લીલ ગાળો બોલી, ગડદાપાટુનો માર મારી પીઠ ઉપર ઈજા કરી ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદ ફરીયાદીએ આરોપી વિરૂદ્ધ નોંધાવતા ફરીયાદના આધારે તપાસનીસ અધિકારીએ કાયદેસરની તપાસ કરતા આરોપી સામે પૂરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામનાં આરોપી જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતાં, આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ વિનાં મૂલ્યે પોલિસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ ગુન્હા સબબે આંકઃ૨ થી પ્લી નોંધવામાં આવેલ છે તેમાં આરોપીઓને ફરીયાદની હકીકતો વાંચી સંભળાવી સમજાવવામાં આવતા, ગુનો કબુલ નહી હોવાનુ જણાવેલ છે. જેથી સદર કેસની ઇન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**(એ) મૌખિક પુરાવાઓ**

| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી વિનાયક પાડુરાવની જુબાની | ૪ |

| (બી) દસ્તાવેજી પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| ૧ | ફરીયાદ | ૫ |

(૪) ફરીયાદ પક્ષે આંક-૬ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખવામાં આવતા ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીનુ ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૧૩ અન્વયે વિશેષમાં નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં આરોપીએ ફરીયાદ પક્ષના આક્ષેપોની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૫) ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા ઉપસ્થિત થાય છે.

-૦ મુ દ્દા ૦ -

(૧) શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તારીખઃ૨૪/૧૦/૯૩ ના કલાકઃ ૭-૩૦ વાગે ફરીયાદીના ઘર આગળ ફરીયાદી પાસે પૈસાની ઉઘરાણી કરતા ફરીયાદીએ આપવાની ના પાડતા ફરીયાદીને બિભત્સ અને અશ્લીલ ગાળો બોલી, ગડદાપાટુનો માર મારી પીઠ ઉપર ઈજા કરી ઈ.પી.કો.કલમઃ ૨૯૪(ખ), ૩૨૩ મુજબના ગુનાઓ કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદા નાં કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## -ઃ ન્યાય નિર્ણય માટેનાં કારણો ઃ-

મુધ્ધા નંબરઃ-૧.

ફરીયાદ પક્ષ તરફથી આરોપી વિરૂદ્ધ ઈ.પી.કો. કલમઃ ૨૯૪(ખ),૩૨૩ મુજબના ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરીયાદ પક્ષે આરોપી વિરૂદ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષનાં શીરે રહેલો હોય છે તેમજ ફરીયાદ પક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાકન કરી કેસનાં ન્યાય નિર્ણય ઊપર પહોચવાનું રહે છે.

(૭) આ કામે ફરીયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંકઃ ૦૪ થી ફરીયાદી વિનાયક પાડુરાવનાઓને તપાસવામાં આવેલા છે તેઓ જણાવે છે કે, બનાવ આશરે ચોવીસ વર્ષ પહેલા બનેલો. તેઓ તેમના ઘરે ચા પીતા હતા ત્યારે વસાહતમાં રહેતો રમણભાઈ દેસાઈ તેમના ઘરે આવેલા અને તેઓએ ઉછીના પૈસા આપેલ તેની માંગણી કરતા જણાવેલ કે, તેઓની પાસે હાલમાં નથી પછીથી આપીશ તેવુ કહેતા સામાન્ય બોલાચાલી થયેલ. બોલાચાલી દરમ્યાન આજુબાજુના લોકોનુ ટોળુ ભેગુ થતા રમણભાઈ નાસી ગયેલા. બનાવ બાબતેની ફરીયાદ આપેલી જે ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવતા ફરીયાદ આંકઃ૫ થી રજુ થયેલ છે. ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય એ.પી.પી.શ્રીનાઓએ

હોસ્ટાઈલ સાહેદ તરીકે જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરેલ છે તે દરમ્યાન પણ ફરીયાદ હકીકતને લેશમાત્ર પુરાવો આપેલ નથી.

બચાવ પક્ષ દ્વારા સાહેદની ઊલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આરોપી વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ. ફરીયાદમાં કોઈ ચોક્કસ ઉશ્કેરણીજનક શબ્દો લખાવેલ નથી. આરોપીએ કોઈ ગડદાપાટુનો માર મારેલ નથી કે ગંદી બિભત્સ ગાળો આપેલ નથી.

(૮) ફરીયાદ પક્ષે રજુ થયેલા પ્રસ્તુત પુરાવાની ચર્ચા કરીએ તો આ કામે ફરીયાદ પક્ષે માત્ર ફરીયાદી વિનાયક પાડુરાવનાઓને તપાસવામાં આવેલા છે તે સિવાય અન્ય કોઈ સાહેદને તપાસવામાં આવેલા નથી. ફરીયાદીની જુબાની ધ્યાને લેવામાં આવે તો આરોપી રમણભાઈએ ફરીયાદીને પૈસા ઉછીના આપેલા તે પૈસાની માંગણી આરોપીએ ફરીયાદી પાસે કરતા ફરીયાદીએ જણાવેલ કે હાલમાં પૈસા નથી જેથી તેમની વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજી કોઈ જ હકીકત પુરવાર થતી નથી. વધુમાં ફરીયાદીની બચાવ પક્ષે કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા ફરીયાદમાં કોઈ ચોક્કસ ઉશ્કેરણીજનક શબ્દો લખાવેલ નથી કે આરોપીએ કોઈ ગડદાપાટુનો માર મારેલ નથી કે ગંદી બિભત્સ ગાળો આપેલ નથી તેવી હકીકતો પુરવાર થાય છે. આમ, ફરીયાદીની જુબાની પરથી આરોપી સામે મુકવામાં આવેલ આરોપ અંગેની હકીકતો બાબતે લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય ત્યારે આ કામના આરોપીને સદર ગુનાઓ હેઠળ કસુરવાર ઠરાવી શકાય તેમ નથી જેથી ઉપરોક્ત કરેલ ચર્ચાનુસાર મુદ્દા

નંબરઃ૧ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે જ્યારે મુદ્દા નંબરઃ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –ઃઃ આ ખ રી હુ ક મ ઃઃ–

(૧) આ કામના આરોપી રમણભાઈ ઉર્ફે રમેશ ઓધારભાઈ રબારીનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો. કલમઃ ૨૯૪(ખ),૩૨૩ મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે આ કામના આરોપીએ રૂ.૫૦૦૦ નાં જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ રાખવો.

સદરહુ હુકમ આજ તારીખઃ૦૭/૦૫/૨૦૧૮ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામઃઅમદાવાદ

(અર્ચિત નિલમભાઈ વોરા)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૧૯.અમદાવાદ.
કોડ નં.જીજે.૦૦૮૪૯

આર.કે.સોનારા.